Extra No. 271

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LX ] WEDNESDAY, AUGUST 7, 2019/SRAVANA 16, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

## EDUCATION DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 7th August, 2019

**Gujarat Self financed Schools (Regulation of Fees) Act, 2017.**

**No. GH/SH/59/BMS/1117/83/FRC CELL:-** In exercise of the powers conferred by sub-sections (1), (2) and (4) of section 3 read with section 4 of the Gujarat Self financed Schools (Regulation of Fees) Act, 2017 (Guj. 20 of 2017), the Government of Gujarat hereby amends the Government Notification, Education Department, No. GH/SH/18/BMS/1117/83/CHH, dated the 25th April, 2017, as under:-

In the said notification, in the schedule, in thc cntry at serial No.1, in column (3), for the word “Ahmedabad”, the word “Gandhinagar” shall be substituted.

By order and in the name of the Governor of Gujarat,

**V. T. MANDORA,**
Joint Secretary to Government.

-----------------



Government Central Press, Gandhinagar.

Scanned with CamScanner

Extra No. 419

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. LX ] THURSDAY, NOVEMBER 14, 2019 / KARTIKA 23, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

### EDUCATION DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 14th November, 2019

**Gujarat Self financed Schools (Regulation of Fees) Act, 2017.**

**No. GH/SH/103/MSB/1117/83/FRC CELL** :- In exercise of the powers conferred by section 20 of the Gujarat Self financed Schools (Regulation of Fees) Act, 2017 (Guj.20 of 2017), the Government of Gujarat hereby makes the following rules further to amend the Gujarat Self financed Schools (Regulation of Fees) Rules, 2017, namely:-

1. These rules may be called the Gujarat Self financed Schools (Regulation of Fees) (Amendment) Rules, 2019.

2. In the Gujarat Self financed Schools (Regulation of Fees) Rules, 2017, in rule 6, to sub-rule (1), the following proviso shall be inserted, namely:-

"Provided that the proposal to be submitted in the year 2019 shall be submitted not later than the 31st December".

By order and in the name of the Governor of Gujarat,

**V. T. MANDORA,**

Joint Secretary to Government.

---------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.



Scanned with CamScanner

Extra No. 454

वार्षिक लवाजमनो दर रू. ४,०००/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. LX ] THURSDAY, DECEMBER 5, 2019/ AGRAHAYANA 14, 1941

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-B**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

**શિક્ષણ વિભાગ**

**જાહેરનામુ**

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી ઓગસ્ટ, ૨૦૧૯.

**ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭.**

**ક્રમાંકઃ જીએચ/એસએચ/૫૯/બીએમએસ/૧૧૧૭/૮૩/એફઆરસી સેલઃ–** ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૦મા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૩ની પેટા–કલમો (૧) , (૨) અને (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શિક્ષણ વિભાગનું તારીખઃ ૨૫મી એપ્રિલ ૨૦૧૭નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીએચ/એસએચ/૧૮/બીએમએસ/૧૧૧૭/૮૩/છ. નીચે પ્રમાણે સુધારે છેઃ–

સદરહું જાહેરનામામાં, અનુસૂચિમાં, અનુક્રમાંક ૧ પરની નોંધમાં, કોલમ (૩)માં, "અમદાવાદ" એ શબ્દને બદલે, "ગાંધીનગર" એ શબ્દ મૂકવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**વી. ટી. મંડોરા,**

સરકારના સંયુક્ત સચિવ.

--------------



Scanned with CamScanner

**શિક્ષણ વિભાગ**

**જાહેરનામુ**

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૪મી નવેમ્બર, ૨૦૧૯.

**ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭.**

**ક્રમાંકઃ જીએચ/એસએચ/૧૦૩/એમએસબી/૧૧૧૭/૮૩/એફઆરસી સેલઃ–** ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ (સન ૨૦૧૭ના ગુજરાતના ૨૦મા)ની કલમ ૨૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) (સુધારા) નિયમો, ૨૦૧૯ કહેવાશે.

૨. ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) નિયમો, ૨૦૧૭માં, નિયમ ૬માં, પેટા–નિયમ (૧)માં, નીચેનો પરંતુક દાખલ કરવોઃ–

"પરંતુ વર્ષ ૨૦૧૯માં રજૂ કરવાની દરખાસ્ત, ૩૧મી ડીસેમ્બર કરતાં મોડી નહિ તે રીતે રજૂ કરવી જોઈશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**વી. ટી. મંડોરા,**

સરકારના સંયુક્ત સચિવ.

--------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Scanned with CamScanner

# <u>વિલંબના કારણો</u>

**ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ પ્રસિદ્ધ કરેલ જાહેરનામા/નિયમો વિધાનસભામાં ગૃહના મેજ પર મુકવામાં થયેલ વિલંબના કારણો**

રાજ્યમાં ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭નો અમલ તા.૨૦/૦૪/૨૦૧૭થી કરવામાં આવેલ છે. ઉક્ત કાયદા હેઠળ બનાવેલ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) નિયમો, ૨૦૧૭ તા.૨૫/૦૪/૨૦૧૭થી અમલમાં છે. આ નિયમોમાં આવશ્યક સુધાર સંબંધી તા.૦૭/૦૮/૨૦૧૯ અને તા.૧૪/૧૧/૨૦૧૯ના જાહેરનામા ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

- ચૌદમી વિધાનસભાના તા.૦૯/૧૨/૨૦૧૯ થી ૧૧/૧૨/૨૦૧૯ સુધી ત્રણ દિવસના પાંચમા સત્રમાં તા.૦૭/૦૮/૨૦૧૯ અને તા.૧૪/૧૧/૨૦૧૯ના જાહેરનામા મેજ પર મુકવા માટે અત્રેથી તા.૦૨/૧૨/૨૦૧૯નો પત્ર બંને જાહેરનામાની અંગ્રેજી નકલો સહિત વિધાનસભાની વિધાન-૧ શાખાને મોકલી આપેલ. પરંતુ વિધાન-૧ શાખા દ્વારા આવશ્યક સુધારા સુચવીને સમાન તારીખે આ પત્ર પરત કરેલ.
- આવશ્યક સુધારા સાથે તા.૦૫/૧૨/૨૦૧૯ના રોજ વિધાન-૧ શાખાને પત્ર પુનઃ મોકલી આપેલ. જે અન્વયે વિધાનસભા ગૃહના મેજ પર મૂકવાનું થતું સાહિત્ય ગુજરાતી ભાષામાં તેમજ ગેજેટમાં ગુજરાતી ભાષામાં પણ પ્રકાશન થયેલ હોવું જરૂરી હોવાથી વિધાન-૧ શાખા દ્વારા તા.૦૯/૧૨/૨૦૧૯ના રોજ પુનઃ પરત કરેલ.
- દરમ્યાન ઉપર્યુક્ત બંને જાહેરનામાઓનું ગુજરાતી ભાષાંતર કરવા વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને તા.૦૨/૧૨/૨૦૧૯ના રોજ અત્રેથી ફાઈલ મોકલી આપેલ. બંને જાહેરનામાનું ગુજરાતી ભાષાંતર કરીને વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા તા.૦૫/૧૨/૨૦૧૯ના રોજ અત્રેની શાખાને ફાઈલ પરત મોકલી આપેલ. જેને ગેઝેટમાં છપાવવા અત્રેથી તા.૦૫/૧૨/૨૦૧૯ના પત્રથી મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગરને જણાવેલ. પરંતુ પ્રેસ દ્વારા ગુજરાતી ભાષાંતરની નકલો ચૌદમી વિધાનસભાનું પાંચમું સત્ર પૂર્ણ થયા બાદ જાન્યુઆરી માસમાં અત્રે મોકલવામાં આવેલ હતી.

આમ, ઉપર દર્શાવેલ વહીવટી કારણોસર રાજ્યમાં ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામા/નિયમો ચૌદમી વિધાનસભાના પાંચમાં સત્ર દરમ્યાન ગૃહમાં મેજ પર મુકવા માટે વિલંબ થયેલ છે. જે ધ્યાને લેવા વિનંતી.

( વી.ટી.મંડોરા )

**સંયુક્ત સચિવ,**
**શિક્ષણ વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર**

Scanned with CamScanner